Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક:રવાનગી/૫૯/૨૦૨૩
તા.૦૭/૦૧/૨૦૨૩

# <u>પ્રેસનોટ</u>

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત
Expert talk on "**Transformation through Innovation**" તા. 06/01/2023,
શુક્રવાર /સવારે 11:00 કલાકે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા તેમજ કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં "**Transformation through Innovation**" વિષય પર એક સેમિનારનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીમાં કાર્યરત ઇન્સ્ટીટ્યુશન ઇનોવેશન કાઉન્સિલ, આઇડિયા એન્ડ ઇનોવેશન સેલ અને SSIP દ્વારા તા. 6 જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટીના નર્મદ સ્મૃતિ ભવન ખાતે કરવામાં આવ્યું હતું .આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સહભાગીઓને સ્ટાર્ટઅપ અને ઇનોવેશન દ્વારા આપણા રોજીંદા જીવનમાં શું અસર થઈ છે અને શું શું બદલાવ આવ્યા છે તે વિશે માહિતગાર કરવાનો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિકે વિધાર્થીઓને સ્ટાર્ટઅપના વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવ્યું કે તે સ્ટાર્ટઅપ પહેલા અને ત્યારબાદ લોકોના જીવન માં શું બદલાવ આવ્યા. જેમ સિક્કાની 2 બાજુ હોય તેમ દરેક શોધના 2 પાસા હોય છે નકારાત્મક અને સકારાત્મક. સ્ટાર્ટઅપ કરનાર વ્યક્તિઓ શહેરી વિસ્તારની મુશ્કેલીઓ પર રિસર્ચ કરી તેને નિરાકરણો ખૂબજ ઝડપથી વિકસાવે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં સુખ- સુવિધાઓનો અભાવ છે તેવા વિસ્તારમાં નિરીક્ષણ કરી ત્યાંની મુશ્કેલીઓને સમજીને તેના નિરાકરણ લાવવાના પ્રયત્નો ખૂબ ઓછા લોકો કરે છે.આથી વિધ્યાર્થીઓએ આ દિશામાં વધુ ધ્યાન આપવું જોઈએ.

તેણી એ જણાવ્યું કે સ્ટાર્ટઅપથી જીવનમાં આવતા બદલાવ ૩ પ્રકારના હોય છે. એક વ્યક્તિગત ફેરફાર, બીજું દેશના અર્થતંત્રમાં થતાં ફેરફાર અને ત્રીજું સામાજિક ફેરફાર. વ્યક્તિગત નાણાકીય સ્વતંત્રતા, દેશમાં સ્ટાર્ટઅપના લીધે રોજગારની તકોમાં વધારો થાય આમ સ્ટાર્ટઅપ દ્વારા આપણા રોજીંદા જીવન અને દેશમાં અનેક ફેરફાર થાય છે. આ સેમિનાર દ્વારા સહભાગીઓને સ્ટાર્ટઅપ અંગે ઘણું પ્રોત્સાહન મળ્યું. આ સમગ્ર ઈવેન્ટ દરમ્યાન યુનિવર્સિટી સંલગ્ન ડી.આર.બી કૉલેજ અને બીજી કોલેજોના વિધાર્થીઓ તરફથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમને ખૂબ જ સારો સાથ અને સહકાર મળ્યો હતો.

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/સંચાલકશ્રી
સુરત.

કુલસચિવ